૫ શિક્ષા શાણાને

દયારામ : તેઓ વડોદરા જિલ્લાના ચાણોદ ગામના વતની હતા. તેમણે ડભોઈમાં વાસ કર્યો હતો. આ કવિએ પોતાનું આખું જીવન કૃષ્ણસેવામાં સમર્પી દીધું હતું.

તેઓ ગુજરાતી ભાષાના ઉત્તમ ઊર્મિકવિ છે. 'રસિક વલ્લભ', 'ભક્તિ પોષણ', 'દયારામ રસસુધા ૧ તથા ૨', 'દયારામ રસધારા ૧-૨-૩' વગેરે તેમની વૈષ્ણવ સંપ્રદાયને લગતી રચનાઓ છે. તેમની કવિ તરીકેની ખરી પ્રતિભા ગરબીઓમાં ઝળકી રહે છે.

સૂર કૃતિનો - પ્રસ્તુત બોધકાવ્યમાં કવિએ જીવનવ્યવહાર ચલાવવા માટે શ્રદ્ધા-ભક્તિ, સદ્‌ગુણ-સદ્‌વિચાર, ઉપદેશ-શિખામણની આવશ્યકતા તેમજ મહત્ત્વ વિશે જાણકારી આપી છે. 'જે સમજે તે શાણો' એવું કહીને કવિ 'સમજદાર વ્યક્તિ કોણ ?' તે તરફ અંગૂલિનિર્દેશ કરે છે. લઘુતાગ્રંથિ ન બાંધતા જે મળ્યું છે તેમાંથી આગળ વધવાની સમજદારી કેળવવી જોઈએ. કૃતિમાં જીવનનાં મૂલ્યોનું મહત્ત્વ સમજાવ્યું છે.

સરવ કામ છાંડીને પરથમ શ્રીગુરુ ગોવિન્દ ભજિયે જી;
સકલ કામના-સિદ્ધિ જેથી, વારે તેહેને તજિયે.
શિક્ષા શાણાને...
પરોપકાર, પ્રીતિ, મૃદુ વાણી; મોટા જન તે જાણોજી;
નિર્દય, આપસ્વારથી, જૂઠા; તે નીચા પરમાણો.
શિક્ષા શાણાને...

ખરી મહેનતનું દ્રવ્ય જોડિયે, નીચ નજર ના કરિયે જી;
પાછળથી પસ્તાવો ઉપજે, હાણ હાંસીથી ડરિયે.
શિક્ષા શાણાને...
વિના વિચાર્યું કામ કરે તે પાછળથી પસ્તાય જી;
બગડી બૂંદ ન હોજે સધરે, મળે ન તક જે જાય.
શિક્ષા શાણાને...
ઋણ કાઢીને ખરચ ન કરિયે, દાટી ન સહિયે દુઃખજી;
જેહેવી સંપત તેહેવું ભોજન, સદા પામિયે સુખજી
શિક્ષા શાણાને...
સુખ આવ્યે છકી ન જૈયે, દુઃખ આવ્યે નવ ડરિયે જી;
આપણથી અધિકાંને જોઈને ગરવ ક્લેશને હરિયે.
શિક્ષા શાણાને...
લાખ, ગમાવી સાખ રાખજો, સાખે મળશે લાખ જી;
લાખ ખરચતાં સાખ નહિ મળે, સાખ ગયે સહુ ખાખ.
શિક્ષા શાણાને...

● માર્ગદર્શક સ્તંભ ●

કવિતામાં આવતા 'શાણા' શબ્દને અનેક રીતે અલગ-અલગ સંદર્ભમાં સમજાવીને કાવ્યમાં વાંછિત ઉપદેશની ચર્ચા કરવી. સારા અને સજ્જન વ્યક્તિઓની વિશેષતા વિદ્યાર્થીઓ પાસેથી મેળવવી. વર્ગમાં ચર્ચા કર્યા પછી સદ્‌ગુણોની વિસ્તૃત જાણકારી આપી, જીવનમાં શું કરવાનું, શું નહિ કરવાનું તેના વિષે પ્રેરણાદાયી વાક્યો/સુવિચારો/સુભાષિતો દ્વારા વિદ્યાર્થીઓનું જ્ઞાન સંવર્ધન કરી કવિતાનું અધ્યાપન કરાવવું.

સ્વાધ્યાય

સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) ઇચ્છા - _____
(૨) આબરૂ - _____
(૩) પરિશ્રમ - _____
(૪) શિખામણ - _____
(૫) પહેલા - _____
(૬) કોમળ - _____
(૭) મશ્કરી - _____
(૮) અભિમાન - _____

સ. ૨ કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દો શોધીને લખો.

(૧) ભજિયે - _____

(૨) જાણો - _____

(૩) લાખ - _____

(૪) દુઃખજી - _____

સ. ૩ શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. બધાં જ શબ્દો ''નિ'' થી શરૂ થાય છે.

(૧) જેનામાં દયા નથી તે - _____

(૨) જેણે પાપ નથી કર્યું તે - _____

(૩) જેને ભય નથી તે - _____

(૪) જે કલંકિત નથી તે - _____

(૫) જેને સ્વાર્થ નથી તે - _____

સ. ૪ શબ્દની અંતાક્ષરી પૂર્ણ કરો.

(૧)	સકલ	લગન	નગર	રમત	તરલા
(૨)	કામના	_____	_____	_____	_____
(૩)	મહેનત	_____	_____	_____	_____
(૪)	નજર	_____	_____	_____	_____
(૫)	ખરચ	_____	_____	_____	_____

સ. ૫ નીચે આપેલા શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.

નિર્દય , પસ્તાવો , ઋણ , શિક્ષા

સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) સકલ _____ જેથી, વારે તેહને તજિયે. (અષ્ટસિદ્ધિ, કામના-સિદ્ધિ, નવનિધિ)

(૨) ખરી _____ દ્રવ્ય જોડિયે, નીચ નજર ના કરિયે જી. (મહેનતનું, કમાણીનું, કસોટીનું)

(૩) _____ કાઢીને ખરચ ન કરિયે, દાટી ન સહિયે દુઃખજી. (સમય, સાખ, ઋણ)

(૪) આપણાથી _____ જોઈને ગરવ ક્લેશને હરિયે. (શ્રેષ્ઠને, ઉચ્ચને, અધિકાંને)

સ. ૭ કાવ્યમાં આવતાં જીવનમૂલ્યો લખો.



સ. ૮ નમૂના પ્રમાણે પ્રશ્નો બનાવો.

દા. ત. : બધું કામ છોડીને પહેલા શ્રીગોવિંદને ભજવું જોઈએ. (કોને ?)

બધું કામ છોડીને પહેલા કોને ભજવું જોઈએ ?

(૧) ખરી મહેનતનું દ્રવ્ય જોડીએ. (કયું ?)

(૨) વિના વિચાર્યું કામ કરે તે પાછળથી પસ્તાય છે. (કોણ ?)

(૩) દુઃખથી ન ડરવું જોઈએ. (શેનાથી ?)

(૪) લાખ ખરચતાં સાખ નહિ મળે. (શું ?)

સ. ૯ ચાલો જવાબ લખીએ.

(૧) કાવ્યમાં જેને શિખામણ આપી છે તે - _____

(૨) મહાન પુરુષોના સદ્‌ગુણો - _____ , _____

(૩) પાછળથી પસ્તાય છે તે - _____

(૪) સુખથી છકી ન જઈએ તો દુઃખથી - _____

(૫) આબરુ અને ધનમાં આ ચડિયાતું છે - _____

સ. ૧૦ યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો.

(૧) વિના વિચાર્યું કામ કરે તે _____

અ) મોટો જન ગણાય જી

આ) ઘણો રાજી થાય જી.

ઇ) પાછળથી પસ્તાય જી

ઈ) સહુનો વહાલો થાય જી

(૨) લાખ ખરચતાં સાખ નહિ મળે _____

અ) સાખ ગયે સહુ ખાખ

આ) સાખે મળશે લાખ

ઇ) સાખ નહિ મળે રાખ

ઈ) લાખ ગુમાવી સાખ

(૩) સુખ આવ્યે છકી ન જૈયે _____

અ) દાટીને દુઃખ સહિયે જી

આ) સુખ આવ્યે નવ ડરિયે જી

ઇ) ઊંચી નજર ના કરિયે જી

ઈ) શ્રીગુરુ ગોવિન્દ ભજિયે જી

(૪) સરવ કામ છાંડીને પરથમ _____

અ) સહુને રાજી કરિયે જી

આ) કોઈથી નવ ડરિયે જી

ઇ) સહુ સાથે હળિયે મળિયે જી

ઈ) શ્રી ગુરુ ગોવિન્દ ગુણ ભજિયે જી

સ. ૧૧ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

સ. ૧૨ ★ સંધિ વિગ્રહના યોગ્ય શબ્દો લખો :

પરોપકાર = પર + ☐ નિર્દય = ☐ + દય

વ્યવહાર = વિ + ☐ કદાપિ = ☐ + અપિ

યોગીન્દ્ર = યોગ + ☐

★ નમૂના પ્રમાણે પ્રમાણ ભાષાના શબ્દો લખો :

પરથમ = પ્રથમ પરજા =

પરણામ = પરમાણ =

ઈન્દર = સમરાટ =

પરભુ = ચન્દર =

★ કાળ ઓળખો –

(૧) ખરી મહેનતનું દ્રવ્ય જોડે છે – _____

(૨) લાખ ગુમાવી સાખ રાખશે – _____

(૩) શાણાને શિખામણ આપી – _____

(૪) પાછળથી પસ્તાવો ઉપજ્યો – _____

★ કૃષ્ણની બાળલીલાનો એક પ્રસંગ વર્ગમાં રજૂ કરો.

પ્રકલ્પ

કવિ દયારામના જીવનચરિત્રની વાતો ઈન્ટરનેટ પરથી મેળવીને ભીંતપત્રક તૈયાર કરો.

વિશેષ વાંચન

• રણકાર •

જીવનમાં નાની, મોટી, સારી, ખરાબ, ધારી, અણધારી... દરેક વાતમાં અનપેક્ષિત, અણધાર્યું અને ચક્તિ કરી દેનારું બની શકે છે. સરસ મજાનો શિયાળો એકાએક હાડ ગાળતી ટાઢ બની શકે છે. ઝરમર વરસતો વરસાદ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. આવી બાબતોને રોકવા માટે માણસની વિસાત નાની પડે એમાં નવાઈ શી ? નવાઈ જોકે એક મુદ્દે અવશ્ય હોય. તંગ પરિસ્થિતિમાં કેવી રીતે વિચાર અને આચાર કરી શકાય છે એમાં. વળતી લડત આપવાની ખુમારી કેટલી રાખીએ છીએ એમાં ! હારવાંને તો પુરુ રાજાએ હારવાનું જ છે. સુનિશ્ચિત છે એ. છતાં સિકંદર જેવા હરીફની સામે માથું ઊંચકીને માનભેર વાત કરીને જ પરાજિત રાજા પુરુ તરીકે ઊભરી આવે. દરેક જણમાં આવું અકલ્પનીય સાહસ કરવાની આવડત હોય છે. કરે છે બહુ ઓછા લોકો. બાકી મોટાભાગના લોકોની

મહાન શક્તિ વેડફાઈ જાય છે. નાની-ક્ષુલ્લક દુન્યવી બાબતોને થાળે પાડવામાં. શક્તિના બગાડથી જે સર્જાય એ સરેરાશ જીવન અને એનો સંચય કરીને ઘડાકો કરી શકાય તો બને દૃષ્ટાંતરૂપ જીવન. જે રીતે એક-એક સાધનને ભેગાં ગોઠવ્યા પછી કમાલની કામગીરી કરતું ઉપકરણ બની જાય છે એ રીતે. સુંદર ફૂલો અસંખ્ય હોય અને બગીચો સર્જાય છે એ રીતે. તમારી શક્તિનો ક્યાસ તમારે પોતે કાઢવો રહ્યો. રોજિંદી જવાબદારી રૂપાળી રીતે ભજવવા માટે આટલું તો કરવું જ રહ્યું તમારે. ચાલો, જૂની વિચારસરણી ખંખેરી નાખો. તૈયાર થઈ જાવ. તમારા માટે પણ બધું જ શક્ય હતું અને છે. બસ, જે શક્ય છે એને શક્ય બનાવવા અશક્યમાંથી માર્ગ કાઢવાની આદત પાડવાની છે હવે.

– કલ્પના જોશી

સ્વાધ્યાય

સ. ૧ યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂર્ણ કરો.

(૧) ઝરમરતો વરસાદ _____ સ્વરૂપ ધારણ કરી શકે છે.

(૨) _____ જેવા હરીફ સામે માથું ઊંચકીને વાત કરીએ.

(૩) તમારી _____ ક્યાસ તમારે પોતે કાઢવો રહ્યો.

(૪) જૂની _____ ખંખેરી નાખો.

સ. ૨ ચાલો લખીએ.

(૧) જીવનમાં આવતી બાબતો.

(૨) ગદ્યાંશમાં ઉલ્લેખ કરેલ મહાન વ્યક્તિઓ

સ. ૩ 'જૂની અને નવી વિચારધારા'ની તુલના તમારા શબ્દોમાં લખો.

❋❋❋

તમારું કર્મ એ જ તમારો ધર્મ